MEHTA'S TRANSLATION SERIES.

A COMPLETE GLOSSARY

OF

Difficult words phrases and idioms
OCCURRING IN

NEW ROYAL READER No. III.

GIVING

The Student every facility and all that is required to go smoothly through the Text
(with a free translation of first 55 pages.)



SECOND EDITION

Registered Under act XXV of 1867.

A. D. 1890. સંવત ૧

PRICE 10 ANNAS કીમ્મત દશ

૪૨૫૫

NEW ROYAL READERS.
No. 111

A FATHER'S LOVE બાપનો પ્યાર.

Driving, pr. p. (ડ્રાઇવિંગ) હાંકતો. Keeping in motion, impelling

(Had) become, v. (બીકમ) થયો હતો. Had turned up, grown.

Wild, a. (વાઇલ્ડ) તાબામાં ન રહે એવો, બેકાબુ, Rash, unruly.

Excited, a. (એક્સાઇટેડ) ઉશ્કેરાયલો. Stirred up, L. ex out cito to call.

Plunged, v. (પ્લન્જડ) આગલ પોતાનું શરીર નાંખી અને પાછલા પગ ઉંચા કીધા. Threw its body forward and its hind legs up. Fr. plonger to dip.

Reared, v. (રીઅર્ડ) પાછલા પગપર ઉભો થયો. Stood on its hind feet.

At length, ad.=છેલે સરવાળે At last.

Broke away, v.=છુટો થઇ નાસવા માંડયું. Forced its way by getting free.

Could not hold in, v.=પકડી શકયો નહી. Could not keep it, could not stop.

Wrapped, v. (રેપ્ડ) વીંટાલી. Wound, folded.

Rein, n. (રેન) લગામ. Strap of the bridle.

Wrists, n. (રીસ્ટસ) કાંડું, પોંહોચો. The joint by which the hand is joined to the arm.

Efforts, n. (એફર્ટ્સ) પ્રયત્ન, કોશેસ. •Attempts, L. fortis strong.

To hold, ger. (ટુ હોલ્ડ) પકડવાને. Keep fast, stop.

By standers, n. (બાઇ સ્ટૅન્ડર્સ) પારકા જોનારાઓ. Lookers on.

Heeded, v (હીડેડ) ગણકાર્યું, ધ્યાન આપ્યું. Attended to, took notice of.

Cries, n. (ક્રાઇઝ) બુમો. Shouts.

Strength, n. (સ્ટ્રેન્ગથ) જોર. Force, L. stringo to draw tight.

Waist, n. (વેસ્ટ) કમ્મર The part of the human body which is below the ribs.

Blood, n. (બ્લડ) લોહી. The red fluid which circulated through the arteries and veins of men.

To gush, inf. (ટુ ગશ) નીકલવું. Come out, flow copiously.

(Had) tried, v. (ટ્રાઇડ) કોશેશ કીધી હતી. Attempted.

So hard, ad = એટલી કઠણ રીતે. So painfully, so laboriously.

Crowd, n. (ક્રાઉડ) લોકની ઠઠ. Multitude of people.

Gathered, v. (ગૅધર્ડ) એકઠાં થયાં હતાં. Collected.

Worth, a. (વર્થ) કીમતી. Valuable.

Back, n. (બૅક) પછવાડેનો ભાગ. Hind part.

Waggon, n, (વૅગન) ગાડું. Cart.

To the danger of my own life = મારી પોતાની જીંદગીના જોખમે. At the risk of losing my life, L damnum loss.

Displayed, v. (ડીસ્પલેડ) દેખાડવામાં આવ્યો હતો Shewn.

Rather than, બદલે, In preference to.

Hurt, v. (હર્ટ) ઇજા પમાડવાને. Injure.
He ran a most fearful risk,=તેણે મોટા ભય ભરેલો જોખમ માથે લીધો. He underwent a most dangerous peril.
Counted. v. (કાઊન્ટેડ) કીમતી ગણી. Reckoned, valued L, compute to number.
As little worth, થોડી બીસાદની, as no value.
(Might) save, v. (સેવ) બચાવે. Protect, keep safe from injury.

એક દિવસે એક માણુસને એક ઘોડાને કે જે તાબા ન રહે એવો અને ઉસકેરાયલો થયો હતો તેને હાંકતો જોવામાં આવ્યો હતો. તેને આગલ પોતાનુ શરીર નાંખી, પાછલા પગ ઊંચા કીધા અને પાછલા પગપર ઊભો થયો. અને છેલ્લે સરવાળે છુટો થઇ નાસવા માંડયું. હાંકનાર તેને પકડી શક્યો નહી. તેથી કરી તેણે તે પ્રાણીને પકડવાની કોશેશમાં પોતાના હાથના કાંડાંની આસપાસ લગામ વીંટાલી.

પારકા જોનારાઓ બોલી ઊઠયા "તેને જવા દેવો ! તેને જવા દેવો ! તમો તેને પકડી શકશો નહી, તેને જવા દેવો ! શામાટે તમો તેને જવા દેતા નથી !"

તે હાંકનારે આ બુમોની કાંઇપણ દરકાર કીધી નહી; તેણે પોતાના સઘળા જોરથી પકડી રાખ્યો. અને છેલ્લે સરવાળે પોતાની કમ્મરની આસપાંસ લગામ વીંટાલી.

ઘણી કોશેશો કીધી હતી. અને થોડા વખત પછી ઘોડો પકડાયો, પણ જ્યાંસુધી જે માણુસે તેને પકડવાને એટલી બધી મેહેનત કીધી હતી તે માણુસના નાખ અને મોહોમાથી લોહી નીકલતું દેખાયું નહી ત્યાંસુધી પકડાયો નહી.

લોકનું ટોળું તે ગરીબ માણુસની આસપાસ એકઠું થયું હતું. અને તેને પુછવામાં આવ્યો હતો "તમોએ શામાટે તેને જવા નહી

દીધો, તમારી જીંદગી આવા સો ઘોડાની કીમ્મતની છે ”

તેણે કહ્યું “ ગાડાની પછવાડે જુવો” “તમો પેલા નાના છોકરાને જોવોછો ! હમુને એ એકજ પુરો નાનો છોકરો છે. નાના છોકરા વગર તેની માપાસે હું ઘર જઇ શકતે નહી અને તેને માટે મારા જીવના જોખમે તે ઘોડાને મેં પકડી રાખ્યો. ”

અરે છોકરાઓ અહીંઆ બાપનો પ્યાર દરસાવામાં આવ્યો હતો; પોતાનો નાનો છોકરો ઇજા પામે તેના કરતાં તેણે સૌથી ભયંકર જોખમ માથે લીધો હતો, પણ જો તે છોકરાને બચાવે તો પોતાની જીંદગી તેણે થોડીજ કીમ્મતની ગણી હતી.

A MOTHE'S LOVE. માનો પ્યાર.

Cold, a. (કોલ્ડ) ઠંડો. Chilly.

Swept, v. (સ્વેપ્ટ) આસપાસથી ફુંક્યો. Blew across.

Mountain height,=પહાડની ઊંચાઇ. Summit of the mountain.

Pathless, a. (પાથલેસ) માર્ગ વગરનું. Without a path.

Dreary, a. (ડ્રીઅરી) દુઃખ ઊપજાવે એવું, Cheerless, gloomy.

Wild. n. (ઉવાઇલ્ડ) વગર ખેડાયલી જમીન. Uutilled ground.

Mid, prep. (મિડ) વચમાં. Amid.

Cheerless, a. (ચીઅરલેસ) નાખુશ કરે એવાં. Dreary.

Hours. n. (અવર્સ) વખત. Time.

Wandered. v. (ઉવાન્ડર્ડ) રઝળી, ભટકી, Rambled, strayed.

Drifting, a. (ડ્રિફ્ટિંગ) પવનના ઝપાટાથી ઘસડઇ આવતું. Having been driven or impelled by the force of wind.

Pressed, v. (પ્રેસ્ડ) દબાતાં-ચંપાતાં ગયા Went forward with force, L. premo I press.
Babe, a. (બેબ) બચ્ચું. Child.
Breast, n (બ્રેસ્ટ) છાતી. Bosom.
Darker, a. (ડારકર) વધારે અંધારા. More dusky and gloomy.
Colder, a (કોલ્ડર) અધિક ઠંડા. More chilly.
Deeper, a. (ડીપર) વધારે ઊંડા. More in heap.
Did blow, v. i. ફુંક્યા. Blew.
Grew, v. (ગ્રુ) થયાં. Became.
Drifts, n. (ડ્રિફ્ટસ) ઢગલા. Heaps.
Limbs, n. (લિમ્બ્ઝ) અવયવો, હાથ પગો. Members of the body.
(Were) chilled, v. (ચીલ્ડ) ઘણા ઠંડા. થઇ ગયા હતાં. Made very cold.
Accents, n. (એક્સન્ટસ) ચાંટો, સ્વર. Tones of voice, L. ad to and canto to produce melodious sounds.
Wild, a. (વાઇલ્ડ) ઘણા જોરસાનું. With force.
Perish, v. (પેરિશ) મરી જાવું. Die, L. per through and eo to go.
Stripped, v. (સ્ટ્રીપ્ડ) ઉતારી લીધો. Took out, pulled out, L. rapio to snatch.
Mantle, n. (મૅન્ટલ) ઝબ્બો ઓઢણી. Loose garment,
Bared, v. (બેર્ડ) ખુલ્લી મુકી. Made naked, laid open.
Bosom, n. (બુઝમ) છાતી. Breast.
Storm, n. (સ્ટૉર્મ) તોફાન. Tempest.
Vest, n. (વેસ્ટ) ઝબ્બો. Garment, L. vestis a garment.
Tear, n (ટીયર) આંસુ. Drop of water from the eye.

Smiled, (સ્માઇલ્ડ) મહો મલકાવ્યું. Looked joyous.
Warm, a. (ઊર્વાર્મ) ગરમ. Free from cold.
Kiss, n. (કિસ) ચુમ્મી. Salute given by joining lips.
Shed, v. (શેડ) પાડયું. Effused, poured out.
Sank, v. (સૅન્ક) નીચે બેઠી, સુતી. Slept.
Snowy bed, (સ્નોઇ બેડ) બરફથી ઢંકાયલી જમીન Ground covered with snow.
Morn, n. (મૉર્ન) સવાર. Morning.
Traveller, n. (ટ્રેવેલર) મુસાફર. One who visits foreign countries. (L) tra beyond and vahr to labour.
Passing by, pr. p. નજદીકથી જતો. Going by the side.
Fleecy, a. (ફ્લીસી) ઉનનાજેવું બરફનુ Snow like wool
Veil, n (વેલ) પરદો. Covering, L velo to cover.
Frost, n. (ફ્રૅાસ્ટ) ઝાકળ. Last effect of cold.
Cheek (ચીક) ગાલ. Side of the face.
Hard, a. (હાર્ડ) કઠણ. Stiff.
Pale, a. (પેલ) ફીકો. Whitish, not ruddy, L. palleo to look pale.
Moved, v. (મુવ્ડ) ખીસાડ્યો. Uncovered, removed. L. moveo to move.
Robe, n. (રોબ) ઝભ્ભો. Mantle.
Sweetly, ad. (સ્વીટલી) મધુરતાથી, આનંદથી. Cheerfully, Pleasantly.

ઠંડો પવન પાહાડની ઉંચ્ચાઇની આસપાસ ફુંકતો હતો, અને ભયંકર જંગલ માર્ગ વગરનું હતું; અને રાતના ભયંકર વખતમાં

એક મા પોતાના બચ્ચા સાથે રખડતી હતી: જયારે તેણી, પવનના સપાટાથી ઘસડાઇ આવેલા બરફમાંથી ચંપાતી ગઇ ત્યારે તેણીનું બચ્ચું તેણીની છાતીપર સુતું હતું.

અને હજુર પવન વધારે ઠંડો ફુંકતો હતો, અને રાતનો વધારે અંધારો વખત આવતો ગયો, અને પવનના સપાટાથી ઘસડઇ આવેલું બરફ વધારે ઉંડાણ થયું—ત્યારે તેણીના અવયવો ઠંડા થઇ ગયા હતા, તેણીનું જોર જતું રહ્યું હતું. તેણીએ ઘણા જોરના અવાજે બુમ પાડી "અરે ખોદા જો હું મરી જાઉં તો મારા બચ્ચાને બચાવ જે."

તેણીએ પોતાનો ઝભ્ભો પોતાની છાતીપરથી ઉતાર્યો અને તોફાનમા પોતાની છાતી ખુલ્લી મુકી અને બચ્ચાની આસપાસ તે ઝભ્ભો તેણીએ વીટાળ્યો અને પોતાનું બચ્ચું ગરમ છે એ જોઇને મ્હો મલકાવ્યું. તેણીએ એક ચુંમી લીધી, એક આંસુ તેણીએ પાડયું, ત્યારપછી બરફની જમીન પર સુઇ ગઇ, સવારમાં એક મુસાફર નજદીકથી જતો હતો તેણે સફેદ બરફના પરદાની નીચે તેણીને જોઇ; મોતની ઝાકળ તેણીની આંખમાં હતી, તેણીના ગાલ ઠંડા, કઠણ અને ફીકકા હતાં. તેણે બચ્ચાપરથી ઝભ્ભો ખીસાડયો—બચ્ચાએ જોયું અને આનંદીથી મ્હો મલકાવ્યું.

THE BIRDS' CHRISTMAS SHEAF.

પક્ષીઓનો નાતાળનો અનાજનો જથ્થો.

Gentleman, n. (જેન્ટલમૅન) ગ્રહસ્થ. A Person of a good family, L. gens, gentis, race.

Passed, v. (પાસ્ડ) પસાર થયો, ગયો. Went by.

Farm-houses, n. (ફાર્મ-હાઉસીસ) ખેતરના ઘરો. Portion of land under cultivation rented.

Often, ad. (ઑફન) વારંવાર. Frequently.

Pleasure, n. (પ્લેઝર) ખુશી Joy, L. placeo to please

Since, ત્યારથી. From that time.
Pole, n, (પોલ) લાકડી. Stick.
Was fastened, v.=બાંધેલી હતી. Tied.
Roof, n. (રૂફ) છાપરૂં. Upper part of the house.
Barn, n. (બાર્ન) કોઠાર, ભંડાર. A repository for corn
Was tied, v.=બાંધેલો હતો. Was fastened.
Sheaf, n. (શીફ) જથ્થો, પુળા. A quantity of the stalks of corn, bunch.
Tried, n. (ટ્રાઇડ) કોશેસ કીધી. Attempted.
To guess, inf. (ટુ ગ્યૂસ) અટકલ કરવાને. Form an idea of, surmise, conjecture.
(Was) puzzled, v. (પઝલ્ડ) ગુંચવાયા કરતો હતો, કેહેવાને અશક્ત હતો. Was unable to tell.
Seemed, v. (સીમ્ડ) દેખાયું. Appeared.
Curious, a. (ક્યુરીઅસ) અજાયબ જેવું. Strange, L. cura care.
To find, inf.=જોવાને. See.
Met, v. (મેટ) મળ્યો. Saw, came in contact with.
Meaning, a. (મિનીંગ) અર્થ, મતલબ Intention, purpose, object.
Fellow traveller, a.=સાથે મુસાફરી કરનાર. One who visits foreign countries,
Noticed, v, (નોટીસ્ડ) જોયાં હતાં. Seen, L. nosco I know.
Merry, a (મેરિ) આનંદી. Cheerful, pleasant, happy.
Taken down, v.=ઉતારવામાં આવે છે, કાઢી લેવામાં આવે છે. Removed.
Fresh, a (ફ્રેશ) તાજાં, નવાં. New.

Is put up, v. મુકવામાં આવે છે. Is placed, substituted.
Pretty, a. (પ્રેટિ) સુંદર. Nice.
Custom, a. (કસ્ટમ) રીત, ચાલ. Way of doing, fashion, practice.
Thought, v. (થૅાટ) વિચાર્યું. Considered.
Winter, n. (વિન્ટર) શીયાલો. The cold season of the year.
Last, v. (લાસ્ટ) રહે છે. Remain, continue to fall.
Difficulty, n. મુશ્કેલી. Trouble hardness, inconvenience, L. dis not and facilies easy.
Food, n. (ફુડ) ખોરાક. Victuals.
Too, ad. (ટુ) વળી. Also.
Brightness, n. (બ્રાઇટનેસ) ખુશીપણું. રમુજ. Mirth enjoyment.
Sight, n. (સાઇટ) દેખાવ. Scene.
Flocking, pr. p. (ફ્લૉકિંગ) એકઠાં થતાં. Gathering.
Feast, n. (ફીસ્ટ) ખાનું, જીઆફત. Entertainment, L. festum a holiday.
Chirping, pr. p. (ચરપિંગ) ચીંચીં કરતાં. Producing lively noise, making a shrill sound.
Twittering, pr. p. (ટિવટરિંગ) ચીંચીં કરતાં. Making a trembling sound.
Pleasure, n. (પ્લેઝર) ખુશી, મજા. Enjoyment, L. placeo I please.
Provide, inf. (પ્રોવાઇડ) પુરૂં પાડવાને, તૈયાર કરવાને. Make ready, supply, L. pro forth and video I see.
Feathered, p. p. (ફેધર્ડ) પીંછાંથી ઢંકાયલાં. Covered with feathers.

Plan, n. (પ્લૅન) યુકતી Contrivance.
Season, n. (સીઝન) ૠતુ. Time of year, L. statio a standing. (here it applies to wintry season)

એક ગ્રહસ્થ લખે છે કે કેટલાંક વખતની વાતપર, હું નોરવેમાં મુસાફરી કરતો હતો. જેવો હું ખેતરના ઘરો આગળથી ગયો તેવોજ મેં કંઇ જોયું કે જેનો વિચાર વારંવાર અત્યાર સુધી ખુશીથી કરૂં છું.

એ શું હતું તે તમો શું ધારોછો ? દરેક ઘરના ભંડારના છાપરાપર એક લાંબી લાકડી બાંધેલી હતી અને તે લાકડીપર અનાજનો એક નાનો જથ્થો બાંધેલો હતો. તે શા માટે હતુ તે તમો શું ધારો છો ?

લાંબો વખત સુધી અટકલ કરવાને મેં કોશેશ કીધી પણ હું ગુંચવાયા કરતો હતો. દરેક ખેડુતના ઘર આગલ આવી રીતે એક લાકડીની સાથે એક અનાજનો જથ્થો બાંધેલો માલમ પડતો એ એક અજાયબ જેવી ચીજ દેખાતી હતી.

એક દીવસે હું એક બીજા મુસાફરને મળ્યો. તે અંગ્રેજી બોલી શકતો હતો. તેથી મેં જે અનાજની પુળીઓ વારંવાર જોઈ હતી તેનો અર્થ પુછ્યો.

તેણે કહ્યું કે દરેક વર્ષે નાતાલની વખતે તે પુળીઓ મુકવામાં આવતી હતી, કારણ કે પક્ષીઓ આનંદી નાતાલ ભોગવે દરેક વર્ષે જુની પુળી કાઢી નાંખવામાં આવેછે અને નવી મુકવામાં આવેછે.

મેં વિચાર્યું કે એ કેવી સુંદર રીત; નૉર્વેમાં શીયાલો ઘણો લાંબો છે. ત્યાં ઊંડાણ બરફ અને કઠણ હીમ વર્ષના આઠ અથવા નવ મહીના સુધી રહે છે. દીવસો ટુંકા છે અને રાતો લાંબી અને અંધારી છે. ગરીબ નાના પક્ષીઓને ખોરાક મેળવવામાં મહા મુસ્કેલ પડેછે.

પણ તેઓને પણ આપણી માફક નાતાળ વખતે થોડી રમુજ છે. તેઓને નાતાળના ખાણુપર એકઠાં થતાં જોવાને એક સુંદર

દેખાવ થાય. તે દીવસ પછી વારંવાર, નોરવેમાં નાતાળની અના-જની પુળીની આસપાસ ચીંચીં કરતા ગરીબ પક્ષીઓનો મને વિ-ચાર આવ્યોછે. છોકરાઓ અને છોકરીઓ પોતાના નાના પીછાંવા-ળા દોસ્તોને આ ખાનું આપે એ કેવી રમુજ હશે !

છોકરાઓ અને છોકરીઓ તમો આ માફક કંઇક યુકતીનો વીચાર કરવાને કેમ કોશેસ કરતા નથી કે જેથી કરી જયારે મોસમ પાછી આવે ત્યારે પક્ષીઓ પણ આપણી સાથે એક આનંદી ના-તાળ ભોગવે ?

THE DUKE AND THE COW BOY.

અમીર અને ગાય વેચનારનો છોકરો.

Nobleman, n. (નોબલમૅન) ગ્રહસ્થ, મોટી પદવીનો માણુસ. Man of rank, L. nobilis, noble.

Fond, a.=શોખીન. Delighted with; Relishing highly

Farming, ger. (ફારમિંગ) ખેતીવાડીનું કામ કરવાનો. Cultivating land.

(Had).bought, v. (બૅાટ) ખરીદ કીધી હતી. Purchased

Lived, v. ((લિવ્ડ) રેહેતો હતો. Stopped, resided.

Next, a (નેક્સ્ટ) બીજી. Following.

Early in the morning,=બામદાદે, સવારના પોહોરમાં. At dawn of day.

In vain, ad.=ફોકટ. To no purpose, L. vanus empty.

To drive, inf.=હાંકવાની. To impel, to move forward

Unruly, a. (અનરૂલી) જંગલી. Wild, not easily led L. rego I rule.

(Could not) manage, v. (મૅનેજ) તાબામાં રાખી શકયો નહીં. Could not control over, L. manus the hand and ago I do.

At all, ad (ઍટઑલ) તદન. Entirely.
Knowing, pr. p.=જાણીને. Recognizing.
Duke, n. (ડ્યુક) અમીર. Nobleman of high rank, L.duco I lead.
Called out, v.=બુમપાડી. Shouted out.
Slowly, ad,=ધીમેથી,Not hastily.
Help me with this beast,=આ હેવાનને હાંકવાને મને મદદ કરો. Assist me in driving the cow.
Slowly, ad. (સ્લોલી) ધીમેથી. With low pace.
To notice, inf. (ટુ નોટીસ) જોઇને To see.
Not seeming to notice, જોતો નહી હોય એમ દેખાઇને. L. nosco I know.
Kept calling,=બોલવાનું ચાલુ રાખ્યું.
Help, n, મદદ. Assistance.
Finding, pr p. (ફાઇન્ડીંગ) જોઇને. Seeing.
Could not get on, v.=ચાલી શકતો નથી. Could not move on.
Cried out, v બોલ્યો. Shouted out.
Distress, n. (ડીસ્ટ્રેસ) સંકટ, દુ:ખ. Anguish, misfortune, L. dis apart and stringo to draw asunder.
Get, v. (ગેટ) મેળવવું Obtain, receive.
Lent, v. (લેન્ટ) આપ્યો. Gave for a short time.
Lent a helping hand, થોડીવાર તેને મદદ કીધી. Assisted him a little.
How much, કેટલું, કેટલા પૈસા. What amount of money.
Think, v. (થીંક) વિચારે છે. Consider.
Job, a. (જૉબ) કામ. Deed.
I am sure, મારી ખાતરી છે. I feel certain.

Folk up at the big house, મોટા ઘરના લોકો, પૈસાદાર લોકો. Rich people, noblemen of high rank.
Good, a. (ગુડ) ભલાં. Kind.
Lane, n. (લેન) ગલી. A narrow street.
House, n. (હાઉસ) ઘર. Home.
Slipped away, (સ્લીપ્ડ અવે) તે નહી જાણે એમ જતો રહ્યો. Went away without his knowledge.
Reached, v. (રીચડ) પુગ્યો. Arrived at.
Different, a. (ડીફરન્ટ) જુદા. Another, L. dis apart and fero I bear.
Road, n. (રોડ) રસતો. Way.
Servant, n. (સરવન્ટ) ચાકર. A domestic, L. servus a slave.
Sovereign, n. (સૉવરેન) આસરે દશ રૂપીઆની કીમતનો સોનાનો શીકકો. A gold coin of about ten rupees worth L. super above.
Brought, v. (બ્રૉટ) લાવ્યો. Carried.
Returned, v. (રીટર્નડ) પાછો ગયો. Went back.
(Had) parted, v. (પારટેડ) છુટો પડયો હતો. Had separated, L. pars a part.
To meet, ger. (ટુ મીટ) મલવાને. See.
On his way back, જ્યારે તે પાછો ફરે ત્યારે. When he would return.
Asked, v. પુછ્યું. Questioned.
Shilling, n. (શીલીંગ) આઠ આનાની કીમ્મતનો એક શીકકો. A coin worth eight annas.
Surely, ad. (શ્યૉરલી) ખરેખર. Indeed.
Got, v. (ગૉટ) મલ્યા. Received.
That is all I got, મને એજ મલ્યું છે. This is the

only thing I received.

Quite enough, (ક્વાઇટ ઇનફ) તદન પુરતું. Entirely sufficient.

Wrong, a. (રૉંગ) ખોટું. Untrue.

I can get you more, હું તમને વધારે મેળવી આપીશ. I shall obtain for you more money.

Rang the bell, (રેંગ ધી બેલ) ઘાંટ વજાડયો. Caused to sound the bell.

Ordered, v. (ઑારડર્ડ) હુકમ કીધો. Commanded, L. ordo I ordain.

(To be) assembled, inf. (અસેમ્બલ્ડ) એકઠાં થવાને. Brought together, to be gathered, collected. L. ad to and simul together.

Point out, v. બતાવો. Show.

Person, n. (પરસન) માણસ. Man.

Butler, n. (બટલર) રાંધનાર. Man-servant.

Fell on his knees, તેને પગે પડયો. Bent down to ask pardon.

Confessed, v. (કન્ફેસ્ડ) કબુલ કીધો. Owned, said L. con together and feri to speak.

Fault, n (ફૉલ્ટ) વાંક, ગુનાહ. Crime, L. fallo to deceive.

Begged, v. (બેગ્ડ) અરજ કીધી. Requested.

(To be) forgiven, inf. (ફરગિવન) માફ કરવાને, માફી બક્ષવાને. To be Pardoned.

Quit, inf. (ક્વિટ) છોડવાને. Leave, depart from, L. quietus, quiet.

At once, ad. એકદમ. Immediately.

Have lost, v. ખોઇ છે. Have missed.

Place, n. (પ્લેસ) જગા. situation.
Deceit, n. (ડીસીટ) લુચ્ચાઈ, દગો. Fraud, cunning, L. de down and capio I take.
Future, n. (ફ્યુચર) આવતો વખત Time to come, L. esse to be.
Honesty, n. (ઑનિસ્ટી) પ્રમાણીકપણું. The proper use of another's goods, L. honor honour.
Policy, n. (પૉલિસિ) કોઇપણ કામ ચલાવવાની રીતી. Rule to act by, L. polis a city.
Found out, v. શોધી કાઢ્યું, જાણ્યું. Knew.
(Was so) pleased, v (પ્લીઝડ) એટલો તો ખુશી થયો હતો. Became so glad, L placeo to please
Manliness, n (મૅન્લીનિસ) હીંમત, માણસની રીત ભાત. Man like-ways
Paid out of his own pocket, પોતાના ખરચે. With his own expense

---

એક સ્કોટલાન્ડની મોટી પદવીના માણસે કે જે ખેતીવાડી-કરવાને ઘણો શોખીન હતો તેણે એક ગ્રહસ્થ કે જે તેની પાસેજ રે હેતો હતો તેની પાસેથી એક ગાય ખરીદ કીધી હતી. બીજે દહાડે-સવારે ગાયને તેને ઘરે મોકલવાની હતી. સવારના પોહોરમાં જ્યારે અમીર ફરતો હતો ત્યારે તેણે પોતાના ઘર તરફ એક છોકરાને તે ગાય હાંકી જવા માટે ફોકટ કોશેસ કરતો જોયો. તે ગાય ઘણી બે કાબુ હતી અને તે ગરીબ છોકરો તેને બીલકુલ કાબુમા રાખી શકયો નહી.

તે છોકરાએ અમીરને ઓળખ્યા વગર તેને બુમ પાડી "અરે માણુસ, અંહી આવો અને આ પ્રાણીને હાંકવાને મદદ કરો" તે અ-મીર ત° છોકરાને જોતો નહી હોય એમ દેખાદને ધીમેથી આગળ ચાલ્યો. કે જેણે તેની મદદ માટે બોલાવવાનું ચાલું રાખ્યું. છેલ્લે સ-

રસ્તાએ તે તે ગાય સાથે ચાલી શકતો નથી એમ જોઇને દુ:ખમાં
તેણે બુમ પાડી. "અંહી આવો માણસ અને મને મદદ કરો અને
જે મને મલશે તેમાથી તમને અરધુ આપીશ."
તે અમીર ગયો અને તેને મદદ કીધી.
જેવા તેઓ ગાય પછવાડે ચાલ્યા તેવોજ તે અમીરે કહ્યું
"અને હવે. તમો શું ધારો છો કે તમુને આ કામ માટે કેટલુ મલશે?
તે છોકરાએ કહ્યું " હું જાનતો નથી પણ કાંઇક મલશે એવી
મને ખાતરી છે, કારણકે મોટા ઘરના લોકો દરેક જણુ સાથ મા-
ચાલ્યું હોય છે.
ઘરની નજદીકની એક ગલી આગલ આવીને તે અમીર તે
છોકરો નહી જાણે એમ તેની આગળથી સટકી ગયો અને જુદે
રસતે ઘર પોંહોચ્યો. એક ચાકરને બોલાવીને તેણે તેના હાથમાં
એક દશ રૂપીઆની કીમ્મતનો શીકકો મુકીને કહ્યું કે જે છોકરો
ગાય લાવ્યો તેને આપ"
ત્યારપછી તે છોકરો પાછો ફરે ત્યારે તેને મલવાને માટે જે
ગલી આગલથી તે તે છોકરાથી જુદો પડયો હતો તે ગલીના નાકાં
આગલ તે પાછો આવ્યો.
તે અમીરે પુછયું " કેમ તમુને કેટલું મળ્યું.
તે છોકરાએ કહ્યું " એક શીલીંગ અને અહીંઆં તમારે માટે
અરધું છે"
પણ તે અમીરે કહ્યું " કે તમને ખાતરીથી એક શીલીંગ ક-
રતા વધારે મળ્યું છે"
તે છોકરાએ કહ્યું "નહી, મને એટલુંજ મળ્યું છે અને તે મને
તદન પુરતું છે એમ હું ધારૂં છું"
તે અમીરે કહ્યું " હું ધારતો નથી, એમાં કાંઇપણ ખોટું હોવું
જોઇએ; અને હું તે અમીરનો દોસ્તદાર થાંઉ તેથી જો તું પાછો
આવે તો હું ધારૂં છું જે હું તમને વધારે અપાવીશ"
તેઓ પાછા ગયા; અમીરે ઘાંટ વજાડયો અને સઘળા ચાક-
રોને એકઠા થવાને હોકમ કીધો.

તે અમીરે તે છોકરાને કહ્યું "હવે જે માણુસે તમને શીલીંગ આપી તે મને બતાવો."

તેણે રાંધનારને બતાવીને કહ્યું " કે આ માણસે."

તે રાંધનાર તેને પગે પડયો, પોતાનો વાંક કબુલ કીધો અને માફી માગીઃ પણ તે અમીરે તે છોકરાને દશ રૂપીઆનો શીકકો આપવાને અને એકદમ પોતાનું ઘર છોડવાને હોકમ કીધો.

તે અમીરે કહ્યું કે "તમારી દગાઇથી તમોએ તમારૂં સારૂં નામ અને તમારી જગા ખોઇ છે. ભવિષ્યમાં માટે શીખો કે પ્રમાણીકપણું સૌથી સરસ કામ ચલાવવાની રીત છે."

ગાય હાંકવાને માટે તેને મદદ કીધી તે કોણ હતો તે હવે તે છોકરાને માલમ પડયું; અને તે અમીર તે છોકરાની હીમ્મત અને પ્રમાણીકપણાથી એટલો તો ખુશ થયો કે તેણે પોતાના ખરચે તેને નીશાળમાં મુકયો.

THE HABIT OF NEATNESS.

સફાઇની ટેવ.

Smart, a. (સ્માર્ટ) ચચળ. Active.
Shoes, n. (શુઝ) અરધા પગના બુટો. Half boots.
Shine, v. (શાઇન) ઝળકે છે. Bright, glitter.
(Are) getting, v. થાવે: છો Becoming, growing.
Proud, a. (પ્રાઉડ) મગરૂર. lofty of mien.
Fellow, n. (ફેલો) માણુસ. Man.
Like me, મારા જેવો. Similar to me.
What do you mean ? તમો શું ધારો છો ? What do you think.
Brushed, pr. p. (બ્રશડ) પીછીવતી સાફ કરેલાં. Rubbed with brush polished with brush.
Hope, v. (હોપ) આશા રાખુંછું. Think, trust.

Nice, a. (નાઇસ) સ્વચ્છ, સુંદર. Neat and clean.
Dirt, n (ડર્ટ) કચરો; ધુલ. Dust, any filthy substance.
For my part, મારા વીચાર પ્રમાણે તો. I for one, to my opinion, L. pars a part.
Don't care, v. દરકાર કરતો નથી. Do not mind, L. cura care.
Mud, n. (મડ) કાદવ. Filthy substance.
I am not afraid, હું બીહતો નથી. I don't fear.
Our duty. (અવર ડયુટિ) આપણી ફરજ. Doing what is right.
To keep ourselves, રેહેવાને. Remain, be.
Tidy, a. (ટાઇડી) સફાઈદાર. Neat, clean,
(Woula) like, v, (લાઇક) ઇચ્છો છો. Would wish.
Scholars, n. (સ્કૉલર્સ) નિશાળીઆઓ. Students, L. schola a school.
Muddy, a. (મડી) કાદવવાલા. Having mud, covered with mud.
Floor, n. (ફ્લૉર) પાટિયાની જમીન. Ground made of wood.
Always, ad. હમેશા. Every day, daily.
(Would be) covered, (કવર્ડ) ઢંકાય. Overlaid.
Teacher, n. (ટીચર) શીક્ષક. School master.
Right, a. (રાઇટ) ખરે. True, just, L. rectus straight.
I for one, મારા વિચાર પ્રમાણે. For my part, to my opinion.
Part, n. (પાર્ટ) ફરજ. Duty.
Please, ger. ખુશી કરવાને. Satisfy to your desire, L. placeo I please.

Particular, a (પરટીકયુલર) દરકાર ભરેલું, ચોકસ. Careful
L. pars a part.
Can save her much work, ઘણા કામમાથી તેણીનો બચાવ કરી શકું છું. Can relieve her from much work.
Careful, a. (કેરફુલ) ચોક્કસ, દરકાર ભરેલું. Particular
L. cura care.
Clothes.n. (ક્લોધ્સ) પેહેરવાનાં કપડાં. Wearing apparel.
I am sure, મારી ખાતરી છે. I feel certain.
Face,n. (ફેસ) ચેહેરો. External form, L. facio I make.
Beside, prep (બિસાઇડ) નજીક. Near.
Will try, v. કોશેશ કરીશ. Will ottempt.
Fear, v. (ફીઅર) ધાસતી લાગેછે. I am afraid.
Once, ad. (ઉવન્સ) એક વખત. One time.
Form, v. (ફૉર્મ) પાડો, કરો. Make, L. forma a shape.
Habit, a, (હૅબિટ) ટેવ. Custom, way of doing.
Neatness, n. (નીટનૅસ) સફાઇ. Cleanliness.
Easier, a. (ઇઝીઅર) વધારે સેહેલું. More convenie
As well as, તેમજ. In the same way.
Pleasanter, a. (પ્લેઝન્ટર) વધારે ખુશી ભરેલું. More agreeable, L. Placeo I please.

ચાર્લસ—જોન મને એવું માલમ પડેછે કે તમો પોતે આજે સવારે વધારે ચાલાક હોવો એમ તમો ધારોછો! તમારા બુટ કેવા ચળકે છો! હું ધારૂં છું જે તમો મારા જેવા માણસ સાથે બોલસો નહી એવા તમો મગરૂર થાવો નહી.

જોન—કેમ ચાર્લસ તમો એ શું ધારો છો? તમો એમ ધારતા નથી કે હું મારા બુટ મગરૂર થયા વગર સફઈ રાખી શકું?

ચાર્લસ--અરે હા હું ધારૂં છું જે તમો કરી શકો, પણ ત-

મુને એટલા સુંદર થવાનું કામ શું? હું ધારું છું જે તમોએ કાંઈ પણ કચરો કદી જોયો નથી. મારા વીચાર પ્રમાણે તો જો મારા બુટપર કાદવ હોય તેની કાંઈપણ દરકાર કરતો નથી. હું તમને કહું છું કે હું કચરાથી બીહતો નથી.

જોન—તેમજ હું બીહતો નથી પણ આપણે સ્વચ્છ અને સફાઈદાર રેહેવું એ આપણી ફરજ છે. શું તમો સઘળા નીશાળીઆઓ કાદવવાલા બુટ સાથે નીશાળે આવે તે જોવાને પસંદ કરો છો કે જેથી કરી જમીન કચરા અને ધુળથી ઢંકાઈ જાય? આપણો શિક્ષક નીશાળનો ઓરડો સાફ અને સ્વચ્છ હોય એ ઇચ્છે છે, અને હું ધારું છું કે તે ખરો છે અને હું પણ તેને ખુશ કરવાને મારી ફરજ બજાવીશ.

ચાર્લ્સ—હું પણ મારા શિક્ષકને ખુશી કરવાને પસંદ કરું છું પણ હું જાણવા માગું છું જે એટલું બધું ચોક્કસ રેહેવાનું કામ શું?

જોન—હું ધારું છું જે સ્વચ્છ અને સાફ રેહેવું એ ઘણી સારી ચીજ છે. મારા મા કહે છે જે હું મારા બુટ અને કપડા વીશેની જતનથી તેણીનું ઘણું કામ બચાવી શકું છું, અને જો મારાથી બની શકે તો મારી ખાતરી છે કે હું કરું. હવે ચાર્લ્સ મને કહો કે તમો છોકરાને સ્વચ્છ જોવાને ઇચ્છતા નથી? ટોમ બેદરકાર હમેશ કાદવથી ઢંકાયલો હોય છે, અને તેનો ચેહેરો કદીપણ સ્વચ્છ નથી અને તેના વાળ હોળેલા નથી. તમો તેની પાસે આખો દીવસ બેસવાને પસંદ કરો છો?

ચાર્લ્સ—કેમ, નહી, હું કહી શકતો નથી કે જ્યારે એટલું બધું થાય ત્યારે હું શકું. સઘળું સરખાવતાં હું ધારું છું કે જોન તમો ખરા છો; અને હું પોતે વધારે ચોકસ રેહેવાની કોશેસ કરીશ જો કે મને ધારતી લાગે છે કે હું તમારા જેવો એટલો સ્વચ્છ કદી રહી શકીશ નહી.

જોન—અરે હા ચાર્લ્સ તમો રહેશો. એક વખત સ્વચ્છ

રેહેવાની ટેવ પાડો અને કાદવથી ઢંકાવવાના કરતાં સ્વચ્છ રેહેવું ઘણુ વધારે તેમજ વધારે ખુસનુંમા થશે.

THE TEA FARMER. ચાહનો ખેડુત.

Once upon a time, એક વખતની વાતપર. Formerly, at one time.

At all, ad મુદલજ. Entirely.

Country, n. (કન્ટ્રી) દેશ. Region, L. con together and terra the earth.

In the olden time, અસલના વખતમાં. In the former time, far back.

People, n. (પીપલ) લોકો. Persons, L. populus the people.

Used to drink, પીતા હતા. Were in the habit of drinking.

Ale, n. (એલ) એક જાતનો જવનો દારૂ. A strong liquor made from an infusion of malt by fermentation.

A sweet kind of wine, મીઠી જાતનો દારૂ. A fine tastable sort of wine.

Called, p p. નામે. By name.

Mead, n. (મીડ) મધ અને પાણીવાલો દારૂ. A fermented liquor consisting of honey and water.

Tankards, n. (ટનકાર્ડસ) પીવાના પ્યાલાં. Large vessels for liquor, large drinking cups.

Stood, (સ્ટુડ) મુકવામાં આવ્યા હતા. Were placed

Breakfast table, (બ્રકફાસ્ટ ટેબલ) નાસતા કરવાની મેજ. A dining table.

Use, v. વાપરીએ છઇએ. Employ to any purpose.
Coffee, n. (કૉફી) કાફી. A favourite and invigorating beverage made from the seeds.
Was brought, v. લાવવામાં આવી હતી. Was introduced.
Treat, n. મેજબાની. A rich entertainment, L. traho I draw.
Got, v. (ગૉટ) મલી. Received.
At length, ad. છેલ્લે સરવાળે. At last.
Boiled, v. (બૉઇલ્ડ) ઉકાળ્યાં Cooked in boiling water.
Leaves, n. (લીવ્ઝ) પાંદડાં. Thin expanded parts of tree.
Strewed, v. (સ્ટ્રુડ) ભભરાવ્યું, પાંથર્યું. Scattered, covered, L. sterno I spread.
Piece, n. (પીસ) ટુકરો. Bit.
Bacon, n. (બેકન) ડુક્કરનું આથેલું માંસ. Salted pork.
Dinner, n. (ડિનર) ખાણું. Meal.
Pound, n. (પાઊન્ડ) રતલ. Sixteen ounces. L pendo weigh.
A pound of tea cost so much money, એક રતલ ચાહનું એટલું તો દામ બેસતું હતું The value of one pound of tea was so much.
The rich, n. પૈસાદાર લોકો. Rich people.
(Could) buy, v. (બાઇ) ખરીદ કરી શકે. Could purchase.
Cheap, a. (ચીપ) સસતી. Bearing a low price, of low value.

Poorest, a. (પૂઅરેસ્ટ) સૌથી ગરીબ. Most needy, not rich.

May enjoy, v. વાપરે. Use with gladness.

Plant, n. (પ્લાન્ટ) રોપો. Shrub.

Grows, v. (ગ્રોઝ) ઉગે છે. Vegetates.

Plentifully, ad (પ્લેન્ટીફુલી) પુષ્કળ. In great abundance, L. plenus full.

Lands, n. મુલકો. Regions.

Milk, n. (મિલ્ક) દુધ. A white fluid extracted from the breasts of beasts.

Sugar, n. ખાંડ A sweet substance manufactured from the juice of the sugar cane.

Visitor, n. (વિઝિટર) મુલાકાત લેવા આવનાર. One who comes to see another, L. video I see.

Enters, v. (એન્ટર્સ) દાખલ થાય છે. Comes in, L. intro within.

Servant, n. (સરવન્ટ) ચાકર. Domestic, L. servus a slave.

Cottager, n. (કૉટેજર) ઝુપડામાં રેહેનાર Dweller in a cottage, L. cotagium a rural tenement.

Tea-garden, n. ચાહેની વાડી. A piece of ground inclosed and appropriated to the cultivation of tea-plant.

Sells, v. (સેલ્સ) વેચે છે. Exchanges for money.

Thus, ad. (ધસ) એવી રીતે. In this way.

Food, n. ખોરાક. Meal.

Clothing, n. (ક્લોધિંગ) પેહેરવાના કપડાં. Wearing apparel.

Family, n. (ફૅમિલી) કુટુંબ. Wife and children, L.

famulus a slave.

Is called, v. કેહેવાય છે. Is named.

Tea-farmer, n. ચાહનો ખેડુત. Cultivator of tea-plants.

Are ready to be gathered. એવાં તો પાકાં થાય છે કે એકઠાં થાય. Become so ripe that they are collected.

Busy, a. ઉદ્યોગી Engaged, very diligent,

Pull off, v. તોડે છે. Pluck.

Throw, v. (થ્રો) નાંખે છે. Put.

Baskets, n. (બાસ્કેટસ) ટોપલીઓ. Vessels made of twigs and rushes interwoven.

Full, a. (ફુલ) ભરાય. Completed.

Are carried, v. લઇ જવામાં આવે છે. Are taken.

Are dried, v. સુકવવામાં આવે છે. Deprived of natural juice.

Iron pans, લોખંડના વાસણો. Pots made of iron.

Fire, n. (ફાયર) ચુલો. Fire place.

While, ad. (ઉવ્હાઇલ) જ્યારે When.

Keep turning, v. (કીપ ટરનીંગ) ફેરવ્યા કરે છે. Continue moving them about,

As soon as, જેવાં—તેવાં. No sooner—than.

Begin, v. (બિગિન) શરૂ થાય છે. Commence.

To curl, inf. (ટુ કર્લ) વળવા માંડે છે, Bend, take a bent, form into ringlets.

Are taken out, v. બાહેર કાઢવામાં આવે છે. Are drawn out.

Spread, v. (સ્પ્રેડ) પાથરવામાં આવે છે. Scattered.

Work-people, n. (ઉવર્ક પીપલ) કામદારો. Workmen.

Roll up, v. ચોળે છે. Rub.
Press, v. (પ્રેસ) દાબે છે. Extract, L. premo I press.
Juice, n. (જ્યુસ) રસ. Fluid part of substances. L. jus broth
Twist, inf. (ટિવસ્ટ) વળવા માંડે છે. Take a bent.
Look, v. (લૂક) દેખાય છે. Appear.
Picks out, v. ચુંટી કાઢે છે. Selects.
Gets ready, તૈયાર કરે છે. Makes ready.
Market, n. (મારકટ) બજાર. Bazaar, L. merx goods
Marching off, prep. જતો Going.
Chest, n. (ચેસ્ટ) બાકસ, પેટી. Box.
Slung, p. p. (સ્લંગ) તાંગેલું. Hung.
Shoulder, n. (શોલ્ડર) ખભું. The joint by which the arm of man is connected with the body
Pole, n. (પોલ) લાકડી Stick.
Made off, p. p. (મેડ ઑફ) બનાવેલી. Constructed of.
Bamboo, n. (બાંબુ) બાંબુ, વાંસ The stem of a tall strong reed.
Offers for sale, વેચાણને માટે આપે છે. Gives for sale, L. ob and fero to bear.
Merchant, n. (મરચન્ટ) વેપારી. a trader, One who buys and sells, L. merx goods.
Thinks, v. (થીંકસ) ધારે છે. Considers.
Buys, v. (બાઇઝ) ખરીદ કરે છે. Purchases.
Marches, v. (મારચીસ) જાય છે. Goes.
Consists, v. (કન્સીટસ) હોય છે, બનેલું હોય છે. Is made up of, L. con together and sisto I stand.
Number, n. (નમ્બર) જથ્થો. Quantity, L. numerus number.

Strings, n. (સ્ટ્રીંગ્સ) દોરીઓ. Threads, L. stringo I draw tight.
Brass, a. (બ્રાસ) પીતલના. Made of Brass.
Coins, n. (કૉઇન્સ) સીક્કા. Pieces of stamped metals, L. coinus a dye for stamping money.
Value, (વૅલ્યુ) કીમ્મત. Worth.
But, ad. (બટ) માત્ર. Only.
Sum, n. (સમ) રકમ. Amount, L. super above.

એક વખની વાતપર આપણા શેહેરમાં મુદલ ચાહ હતી નહી. ઇંગલંડમાં અસલના વખતમાં લોકો, જવનો દારૂ અને મધ અને પાણીવાલો એક મીઠી જાતનો દારૂ પીતા હતા. જવ દારૂના મોટા પ્યાલાં નાસતાની મેજપર મુકવામાં આવતા હતાં. હવે આપણે ચાહ અને કાફી વાપરીએ છીએ.

જ્યારે ચાહ પેહેલી ઇંગલાંડમાં લાવવામાં આવી હતી ત્યારે એક બુઢો માણસ અને બુઢી દોસીપર થોડીક મોટી મેજબાની તરીકે મોકલવામાં આવી હતી. પણ જ્યારે તેઓને તે મળી ત્યારે તેનો કેમ ઉપયોગ કરવો તે તેઓ જાણતા હતા નહી. છેવલે સરવાળે તેઓએ તે પાંદડાં ઉકાળ્યાં અને જે ડુક્કરના માંસનો ટુકડો તેઓ ખાણાપર લેતાં હતા તેની ઉપર ભભરાવતાં હતાં. તેઓ પાંદડાં ખાતા અને ચાહને નાંખી દેતાં.

તે દીવસમાં એક રતલ ચાહની કીમ્મત એટલી બધી હતી કે માત્ર પૈસાવાલાજ લોકો તે ખરીદ કરી શકતાં હતાં. હમણા તે એટલી તો સસતી છે જે ગરીબ પણ તેનો ઉપયોગ કરી શકે છે

ચાહ એક રોપો કે જે ચીનમાં, જાપાનમાં અને બીજા પૂર્વ તરફના દેશોમાં પુષ્કળ ઉગે છે, તેના પાંદડાં છે. ચીના લોકો દુધ અથવા ખાંડ વગર પોતાની ચાહ પીએ છે.

જ્યારે કોઇ મુલાકાત લેવા આવનાર ઘરમાં દાખલ થાય છે ત્યારે એક ચાકર તેને ચાહનું પ્યાલું આણી આપે છે.

ચીનમાં દરેક ઝુપડામાં રેહેનારની પાસે પોતાની નાની ચાહની વાડી હોય છે. તે, જે પોતે વાપરતો નથી તે વેચે છે અને તે પ્રમાણે ખોરાક અને કપડાં પોતાના કુટુંબને માટે ખરીદ કરી શકે છે.

જ્યારે કોઇ માણસની પાસે મોટો જમીનનો ટુકડો હોય છે અને ત્યાં ઘણા ચાહના રોપાઓ ઉગાડે છે ત્યારે તેને ચાહનો ખેડુત કેહે છે.

જ્યારે ચાહના પાંદડાં એકઠાં કરવા લાયકના પાકાં થાય છે ત્યારે ખેડુત અને તેનું કુટુંબ ઘણા ઉદ્યોગી હોય છે તેઓ પાંદડાં તોડે છે અને તોપલીઓમાં નાંખે છે. જ્યારે તોપલીઓ ભરાય છે ત્યારે તેઓને ઘરમાં લાવવામાં આવે છે.

તે પાંદડાંને ચુલા ઉપર લોખડનાં વાસણમાં સુકાવવામાં આવેછે. જ્યારે તેઓને સુકવવામાં આવે છે ત્યારે મરદો અને બૈરાઓ તેમને આમ તેમ ફેરવ્યા કરે છે. જેવાંજ તેવો વળવા માંડે છે તેવાંજ તેઓને બાહેર કાઢીને મેજપર પાંથરવામાં આવે છે. ત્યાર પછી કામદાર માણસો પોતાના હાથમા તેમને ચોળે છે અને જેટલો રસ નીકલી શકે તેટલો બાહેર દાબીને કાઢે છે.

હવામાં સુકાયા પછી પાંદડાંને એક વખત વધારે ચુલા ઉપર વાસણમાં જવું પડે છે. ત્યાં તેઓની કરચલી થાઇ વળવા માંડે છે; અને છેલ્લે અંતે જેવી આપણે તેમને આપણા દેશમાં જોઇએ છે તેવી દીસે છે.

ચાહનો ખેડુત ત્યાર પછી સૌથી સરસ પાંદડાં વીણી કાઢે છે અને બજારમાં વેચવા માટે તૈયાર કરેછે; ત્યારપછી તે પોતાના ખભા ઉપરની બામ્બુની બનાવેલી લાકડી ઉપર ચાહની પેટી લટકેલી સહીત શેહેરમાં જતો દેખાય છે.

તે ચાહના વેપારી પાસે જાય છે અને ચાહની પેટી વેચવા માટે આપે છે. તે વેપારી તેને જોય છે અને જો તે ધારે કે તે સારી છે તો તે તે ખરીદ કરે છે. ત્યાર પછી તે ખેડુત પોતાના ખભાપર તાંગેલાં પૈસા સહીત ઘર પાછો આવે છે. તેના પૈસા પી-

તલના સીક્કાની દોરીઓની સંખ્યા છે; અને તે એટલી તો થોડી કીમ્મતની છે કે તેમાની કેટલીક મળી એક નાની રકમ થાય છે.

THE LITTLE RAILROAD HERO.

આગગાડીની સડકનો નાહનો બાહદુર.

Country boy,(કન્ટ્રીબૉય) ગામડીઆનો છોકરો. Village boy.
Sometimes, ab. (સમ્ટાઇમ્સ) કોઇ કોઇ વખત At certain times.
Wore, v. (ઉવૅાર) પેહેરતો હતો. Put on.
Cap, n. (કૅપ) તોપી. Hat.
Perhaps, ad (પરહૅપ્સ) કદાચ. Seldom.
Shaggy, a.(શેગી)ગુચ્છડાંવાલાં. Rough with long hair.
Good enough, (ગુડ ઇનફ) સારી રીતે. પુરતું. Fine, sufficient.
Covering, n. (કવરિંગ)ઢાંકણુ. Shelter, protection.
. id not care, a. દરકાર કરતો હતો નહી Did not mind, L. cura care.
Looks, n. (લુક્સ) ચેહેરો Appearance,
A great deal more, ઘણુ વધારે. Much more.
About, prep. વિષે. Regarding.
Squirrels. n. (સકિવરલ્સ) ખીસકોલી. Small animals, Gr. skia shade and oura tail.
Birds' nests, n. પક્ષીઓના માળા. Abodes of birds, L. nidus a nest.
Fashions, n. (ફેશનસ) કપડાની રીતો અથવા ઢપો. Styles of dresses, L. facio I make.
Rough, a. (રફ) થીગડાવાલું, બેડોલ. Rugged.
Was built, v. બંધાયલું હતું. Was constructed.

Hill, n. (હિલ) ટેકરી. Precipice.
Logs, n. (લૉગ્ઝ) લાકડા. Wood.
Holes, n. (હોલ્સ) નાંકાઓ Apertures; openings.
Windows, n. (વિન્ડોઝ) બારીઓ. Openings in the wall of a building for air.
May wonder, v અચંબો પામો. May be surprised May be amazed.
To find, inf. (ટુ ફાઇન્ડ) જોવાને. See.
Hero, n (હીરો) બાહાદુર માણસ. Brave person.
Living, pr. p. રેહીને. Dwelling.
Mud, a. (મડ) કાદવના. Covered with dirt.
Wait, v. (વેટ) થોભો. Stop.
A little, a. થોડો વખત. A little time.
Diamond, n. (ડાયમંડ) હીરો. Precious stone, L. adamas from Gr. a privative and damao to subdue.
Coarse,a, (કોર્સ) સફાઇ વગરનું. Rough.
Dull, a. (ડલ) ઝાંખું. Not bright.
Polished, v. (પૉલીશ્ડ) સાફ કરવામાં આવે છે. Made clean, L. polio to smooth.
Heart, n. (હાર્ટ) જીગર. Soul.
True, a. (ટ્રુ) ખરો. Real
Torn, a. (ટૉર્ન) ફાટેલું Lacerated,Rent.
Jacket, n. (જૅકેટ) બદીઆન. Waist-coat.
Hut, n. (હટ) ઝુપડું. Cottage.
Rail road, n. (રેલ રોડ) જે રસતાની ઊપર આગગાડીના પાટા નાંખેલાં હોય તે Road on which rails are laid.
Often, ad, (ઑફ્ન) વારંવાર. Frequently.

Watched, v. (ઉચૅાચ્ડ) જોતો હતો. Noticed, saw.
Engines, n. (એન્જીનસ) ઇનજીનો. સંચો. Machinery.
Puffing, pr. p. (પફિંગ) ફુંકફુંક કરતું, અવાજ કરતું. Blowing in whiffs.
Coulds, n. (કલાઊડસ) વાદલાં. Streams, Volumes
Steam, n. (સ્ટીમ) વરાળ. Vapour.
Smoke, n (સ્મોક) ધુમાડો. Vapour.
Screeching, pr. p. (સ્ક્રીચિંગ) તીણો, અવાજ કરતું. Making a shrill sound.
Valleys, n. (વૅલિઝ) ખીણો, ગુફાઓ. Hollows, low places between two hills.
(Was) crossing, v. (ક્રૅાસિંગ) ઓળંગતો હતો. Was passing over.
Line, n. (લાઇન) રેલનો રસતો. Road on which rails are laid.
Wrong, a. (રૅાગ) ઇજા ભરેલું. Harmful.
Surely, ad. (શ્યૅારલિ) ખરેખર. Indeed.
Carriages, n. (કૅરૅજીસ) ગાડીઓ. Vehicles, Fr. charger to load.
Out of place, જગાપર નહી હોય. Out of proper position
Just then, તરતજ, તે વખતે. Immediately at that [time.
Low, a (લો) ધીમો. Slow, inaudible.
Distant, a. (ડીસ્ટન્ટ) દુરનો. Coming from a distance far off.
Noise, n. (નૅાઇઝ) અવાજ. Sound.
Train, n. (ટ્રેન) આગગાડી. A line of carriages on a rail road, L. traho I draw.
(Could) stop, v. (સ્ટૅાપ) થોભાવી શકે. Arrest the

progress of.

Way, n. (વે) રસતો. Manner.

Felt, v. (ફેલ્ટ) લાગ્યું, જાણ્યું. Knew.

No body else, બીજો કોઇ નહી No one another.

(Might be) killed. v. માર્યા જશે. Perished.

Right, a. (રાઇટ) સીધો. Straight. L. rectus straight.

In front of, prep. આગળ. Before.

Stretched, v. (સ્ટ્રેચ્ડ) લાંબા કીધાં. Extended L. stringo to draw light.

Arms, n. (આર્મસ) હાથો Hands.

Driver, n. (ડ્રાઇવર) હાંકનાર. One who drives, man in charge of the engine

Whistled, v. (વ્હીસલ્ડ) સીસોટી વગાડી. Made a sound with whistle.

To get out, ger. બાહેર જવાને. Go aside

Did not stir an inch, જરાબી હીલ્યો નહી. Did not move a little.

For all the notice he took of it. તેણે જોયું તેથી એને એવું માલમ પડયું. As far as he had seen him. L. nosco I know,

Jumped, v. (જમ્પડ) કુદયો. Came down. Leapt.

Track, n. (ટ્રેક) પાટાની સડક. Rail road. L. traho I draw.

Toward, prep. ભણી. In the direction of.

Late, a. (લેટ) મોડી. Long delayed, not at the right time.

Angry, a. (એન્ગ્રી) ગોસ્સે. In rage.

Had saved, v. બચાવી હતી. Preserved, kept from

destruction.

Anger, n. (ઍન્ગર) ગોરસો. Rage.

Changed, v. (ચેન્જ્ડ) બદલાયો. Altered.

Gladness, v. (ગ્લૅડનૅસ) ખુશી. Mirth, joy.

His anger changed to gladness. તે ગોસ્સે થવાને બદલે ખુશી થયો. He became glad instead of angry.

Got out, v. બાહેર આવ્યા. Came down.

What was the matter. શું થયું હતું. What had happened.

Steep, a. (સ્ટીપ) સીધો, ઉભો. Straight down.

Bank, n. (બૅન્ક) કીનારો. The ground rising from the side of a river.

Dashed in pieces, v. અથડાઇને ટુકડે ટુકડા થઇ ગયા હતે. Broken to pieces.

Kissed, v. (કીસ્ડ) ચુમી લીધી. Saluted with a kiss as a token of affection.

Rough, a. (રફ) કઠણ Hardy, not delicate.

Freckled, a. (ફ્રેકલ્ડ) ડાઘવાળું. Spotted.

Cried, v. (ક્રાઇડ) રડયાં. Wept.

Wives, n. (વાઇવ્સ) બઇરીઓ. Family

Wiped, v. (વાઇપ્ડ) લુંછી નાંખી Removed by rubbing, cleansed.

God bless the boy. ખોદા છોકરાને સુખી રાખે. May God make the boy happy.

That is not all. એટલું કાંઇ પુરતું નહી હતું. That is not sufficient.

Purses, n. (પરસીસ) કોથળીઓ. Money bags.

Made up, v. (મેડ અપ) એકઠાં કીધાં. Accumulated, collected.

To pay, ger. આપવાને. Give.
Lad, n. છોકરો. Boy.
Words could show him. તેને બોલથી દેખાડવાને. They could speak.
Grateful, a. (ગ્રેટફુલ) આભારી. Thankful, L. gratia favour
Felt, v. (ફેલ્ટ) થયા. Became.
Brave, a. (બ્રેવ) બાહાદુર. Bold.
Passengers, n. (પૅસેન્જર્સ) ઉતારૂઓ. Persons travelling by the train. L. pando to open.
Have passed, v. વહી ગયાં છે, Have elapsed.
Deed, n. (ડીડ) કામ. Enterprise, doing act.
Wish, v. (ઊવીશ) ઇચ્છવું. Choose.
Coolness, n. (કૂલનેસ) નરમ સ્વભાવ. Mildness.
Courage, n. (કરેજ) હીમ્મત. Bravery, without fear, L. cor the heart.
Presence of mind, (પ્રેઝન્સ ઑફ માઇન્ડ) સમયસુચકતા. Ready thought. L. prebefore and esse to be.
Mark, v. (માર્ક) બતાવે છે. Point out. L. marca a limit.

એન્ડીમુર એક નાહનો ગામડીઆનો છોકરો હતો. કોઇ વખત તે તોપી પેહેરતો હતો અને કોઇ વખત નહી. કદાચ એમ વિચારતો હતો કે પોતાના ગુચ્છડાંવાળા બાળ પોતાના માંથા માટે એક પુરતું ઢાંકણુ હતું.

પોતાના ચેહેરા વીષે પોતે મુદલજ દરકાર કરતો હતો નહી. તે કપડાંની ઢપો વિષે જાણતો હતો તેના કરતાં ખીસકોલી અને પક્ષીના માળા વીષે તે ઘણું વધારે જાણતો હતો.

એન્ડીનું રેહેઠાણ ટેકરીની બાજુપર એક થીગડાવાળું ઘર

હતુ. તે કાદવ અને લાકડાનું બાંધેલું હતુ અને બારીઓ માટે કાણાં હતાં.

હવે તમો અચંબો પામશો કે કાદવવાળા ઘરમાં રેહેતો એક ગરીબ ગામડેના છોકરાને એક નાહના બાહદુર તરીકે પીછાણવા જઇએ છીએ. પણ જરા થોભો. હીરો જ્યાંસુધી તેને કાપીને સાફ કરવામાં આવે છે ત્યાંસુધી તે સફાઇ વગરનો અને ઝાંખો પથ્થર છે- અને એન્ડીના ફાટેલા બદીઆન તળે એક ખરા બાહદુરનું જીગર હતું.

એન્ડીના બાપના ઝુપડાની નજદીક આગગાડીની સડક હતી, જેવાં કાલાં ઇનજીનો (સાંચો) ફુંકફુંક કરતાં, વરાળ અને ધુમાડાના મોટા વાદળાં કાઢતાં અને દેવાની ચીજોની માફક ખીણોમાંથી અને ટેકરીઓ તળેથી તીણો અવાજ કરતાં આવતાં હતાં તેવાંજ તે તેવોને વારંવાર જોતો હતો.

એક દીવસ જેવો એન્ડી સડક ઓળંગતો હતો તેવોજ તેણે જોયું કે કાંઇક ઇજા ભરેલું છે. તે પાટાના રસતા વીષે ઘણું જાણતો હતો નહી કારણકે ઘણો નાહનો હતો. પણ ખચીત કાંઇક ઇજા ભરેલું હતુ; અને એન્ડાએ, જે વખતે પાટા પોતાની બરોબર જગાપર ન હોય તે વખતે ગાડીઓ પડી જતી તે વીષે સાંભળ્યું હતું.

તે વખતે તેણે ધીમો, દુરનો અવાજ સાંભળ્યો, આગગાડી આવતી હતી! તે માત્ર છોકરો હતો પણ કદાચ તે કોઇભીરીતે આ-ગગાડી થોભાવી શકે. તેણે જાણ્યું કે તેણે કોશેસ કરવી જોઇએ કારણ કે તે કરવાને કોઇ બીજો હતો નહી.

એન્ડીએ કદીપણ વિચાર્યું નહી કે પોતે મરી જશે; પણ જ-ઇને જે જગા વીષે મેં તમને કહ્યું છે તે જગાની આગળજ સડકની વચમાં સીધો ઉભો, અને પોતાના હાથ જેમ બને તેમ દુર લંબાવ્યા.

આગગાડી વધારે નજદીક અને વધારે નજદીક અને વધારે અવાજ કરતી અને વધારે આવાજ કરતી આવી. હાંકનારે સડકપર તે છોકરાને જોયો અને તેને માટે રસતાનીજ વચમાંથી જવાને સી-સોટી વગાડી એન્ડી જરાબી હાલ્યો નહી.

ફરીથી તે ઇનજીને સીસોટી વગાડી; તે છોકરો કદી પણ બીસ્યો નહી; તેણે જોયું તે પરથી તેને એવું માલમ પડયું કે તે પથ્થરનો ઘડેલો હોશે. જેથી હાંકનારે ગાડી ઊભી રાખી.

ઇનજીનપરથી તે કુદી પડયો, અને પાટાની સડકપરથી એન્ડી તરફ દોડયો. આગગાડી મોડી થઇ હતી અને હાંકનાર ગોસ્સે થયો હતો. પણ જ્યારે તેણે જોયું કે તે બાહદુર નાના છોકરાએ તેની અને ગાડીમાના સઘળા લોકોની જીંદગી કેવી બચાવી હતી ત્યારે તે ગોસ્સાને બદલે ખુશી થયો હતો.

દરેકજણ શું છે તે જોવાને ગાડીમાંથી બાહેર આવ્યા. ત્યારે તેઓએ જોયું કે જો એન્ડીએ આગગાડી થોભાવી નહી હતે તો સઘળા ડબાઓ એક ઉભા કીનારાની નીચે નખઇ ગયા હતે અને ચુરે ચુરા થઇ ગયા હતે.

બાઇડીઓએ એન્ડીના ખભરાયલા ડાઘવાલા ચેહેરાને ચુમી લીધો અને તે ઉપર રડયાં અને મરદોએ જેવાં તેઓએ પોતાની બાઈડીઓ અને છોકરાં તરફ જોયું તેવાંજ તેઓએ આંસું લુછી નાંખ્યાં અને કહ્યું " ખોદા છોકરાને સુખી રાખે. "

અને એટલું કાંઈ પુરતું નહી હતું, તેઓએ પોતાની કોથલી કાઢી અને નાણાની મોટી રકમ કીધી. જે તેણે કીધું હતું તેને માટે તેને પૈસા આપવાને માટે નહી—તેઓએ જાણ્યું કે તે તેઓ કદી કરી શકનાર નથી પણ મોઢેથી તેને દરશાવી શકયા તેના કરતાં વધારે સારી રીતે તે છોકરાને દેખાડવાને કે તેઓ તેના કેવા આભારી છે.

ભલો બાહદુર નાનો એન્ડી ! ઉતારૂઓએ તેનું નામ એન્ડીમુર અને તે કયાં રેહે છે તે લખી લીધું.

એન્ડીના બાહદુર કામને પંદર વર્ષ થયાં છે અને જો તમો તે હાલ કયાં છે તે જાણવાને ઇચ્છતાં હોવો તો હું તમને કહું છું. તે આ તેજ સડકપર હાંકનાર છે; અને તે છોકરાનો નરમ સ્વભાવ, હીમ્મત અને સમયસુચકતા તે માણસને બતાવે છે.

THE THREE SIEVES.

ત્રણ ચાણણીઓ.

Tale, n. (ટેલ) વાર્તા. Story.
Scarce, ad. (સ્કૅર્સ) કદાચજ. Hardly, with difficulty.
(Can) believe, v. (બીલીવ) માની શકું છું. Trust in. give credit to.
Stop, (સ્ટૉપ) થોભો. Wait.
Not a single word. એક બી શબ્દ નહી. Not even one word.
Sift, v. (સીફ્ટ) ચાળવું, Pass it through.
Sieve, n. (સીવ) ચાળણી, ચાણ્ણી. Vessel for sifting.
Certainly, ad. (સરટન્લી) ખાતરીથી. Surely.
Meaning n. (મીનિંગ) અર્થ. Signification.
Truth, n. (ટ્રુથ) સચ્ચાઇ. Honesty.
Golden, a. (ગોલ્ડન) સોનાની. Made of gold, shining
Thread, n. (થ્રેડ) તાર. wire, a small twist drawn out to a length.
Quite, ad. (ક્વાઇટ) તદન. Entirely.
Matter, n. (મૅટર) વાત. Subject.
Grain, n (ગ્રેન) અનાજ. Corn.
Chaff, n. (ચાફ) છાલાં. Husks of corn. L. cavus hollow.
Final, a (ફાઇનલ) છેલ્લું. Last L. finis a limit.
Test, n (ટેસ્ટ) અજમાએસ. Trial L. torreo to toast.
Need, n. (નીડ) કારણ. Cause, reason for.
Needless, n. (નીડલેસ) નકામું, વગર જરૂરનું Not required.
Let the story go બાબદ પડતી મુકો. Let the subject be dropped.

બચ્ચું—અરે માં એક વાત મેં સાંભળી છે તે તમો સાંભળો; તે એવા તો ખરાબ છે જે હું કદાચજ માની શકું છું.

મા—થોભો થોભો મારા છોકરા! જ્યાંસુધી આપણે તેને ચાળણીમાંથી ચાળીએ નહી ત્યાંસુધી એક બી શબ્દ નહી.

બચ્ચું—"ચાળણી?" જે તમે મને કહ્યું છે તેનો અર્થ હુ ખચ્ચીત જાણતી નથી.

મા—સચ્ચાઇની ચાળણી! તમારી ખાતરી છે જે તે વાત તેના સોનાના દોરામાંથી જશે?

બચ્ચું—નહી, પુરતી ખાતરી નહી. પણ તમોએ તે માનવું જોઇએ; તે આખા શેહરેમાં કેહેવઇ છે.

મા—થોભો થોભો મારા બાલક! બીજી ચાળણીમાંથી અવાતને આપણે ચાલીએ.

બચ્ચું—"બીજી ચાળણી!" તે શું હશે? ખરેખર તમો મને હસાવો છે?

મા—રૂપાની ચાળણી, શું તે માયાલુ છે? આપણે જોઇએ કે તે આપણને વાસ્તે અનાજ કે છોલતાં મેલે છે.

બચ્ચું—નહી તદન માયાલું નહી પણ તે સૌથી ખરાબ છે કે સારૂં છે હું મારી માને કહી શકતી નથી.

મા—થોભો થોભો! એક છેલ્લી અજમાએસ તરીકે એક વધારે આપણે લોખંડની ચાળણીવતે તજવીજ કરીએ.

બચ્ચું—અને લોખંડની ચાળણી શું છે? હું તેની અજમાએસ પુરતી રીતે જાણવાને ઇચ્છું છું.

મા—મારા બચ્ચાં તે આ છેઃ શું તે કેહેવાની જરૂર છે, જો નહી, તો તે વાત જવા દેવો.

બચ્ચું—તે કેહેવાની જરૂર નથી; તે સાચી હશે નહી, અને મારી ખાતરી છે કે તે માયાલુ નથી.

મા—ત્યારે જો તમારી જગાપર હું હતે તો, પવનની આગળ જેમ છોલતાં ઊડી જાય છે તેમ હું તેને જવા દેતે.

THE SNAIL ON THE WALL;

OR

NEVER GIVE UP.

દિવાલ પરની ગોકળ ગાય; અથવા કદી પણ છોડવું નહી.

Ails, v. (એલ્સ) દુ:ખ દે છે. Is wrong with.

At the back of her house, તેણીની ઘરની પછવાડે. At the hind part of her house.

Tears, n. (ટીઅર્સ) આંસુઓ. Drops of water which grief forces from the eyes.

Dame, n. (ડેમ) બુઢી બાઇડી. An old woman.

Poem, n. (પોએમ) કવીતા. A piece of poetry.

To learn, ger. (ટુલર્ન) શીખવાને. To prepare by heart.

Says, v. (સેઝ) બોલે. Recites.

Get, v. મેળવે. Receive.

Best, adv. (બૅસ્ટ) ઉત્તમરીતે. Most elegantly.

Prize, n. (પ્રાઇઝ) ઇનામ. Reward. L. prendere to hold.

Master, n. (માસ્ટર) શિક્ષક. Teacher. L. Magister a master.

Need not try, કોશેશ કરવી નહી જોઇએ. I should not try.

Sad, a. (સૅડ) દીલગીરી ભરેલા. Sorrowful.

Tone, n. (ટોન) અવાજ. Sound of voice. Gr. Tonos a stretching.

Do'nt mind, v. ધ્યાન ના આપો. Do not attend, do not take notice of.

Friend, n. (ફ્રેન્ડ) મીત્ર. Well-wisher.

So hard, એવા કઠણ, અઘરા. Not easy to learn.

Dear, a. (ડીઅર) વાહાલાં. Beloved.

Kind, a. (કાઈન્ડ) માયા ભરેલા. Affectionate.

Slow, a. (સ્લો) ધીમો. Tardy. inactive.

Can't help it, મટાડી શકતો નથી. Cannot avoid slowness, can not do any thing.

Sure, a. (શયૉર) ખાતરી પુર્વક, મજબુત. Confident, unfailing.

Snail. n. (સ્નેલ) ગોકળગાય. A slow creeping animal.

Watch, v. (ઉવૉચ) તપાસો. Notice, see.

Will get, v. પુગશે. Will reach.

Top, n. મથાળે. End.

Intime, (ઇનટાઇમ) વખતસર. At the proper time.

May gain, v. મેલવે. Win.

In the end, છેલ્લે Lastly.

Like, adv. (લાઇક) Likely, probably.

To loose heart, તમો નહીં કરી શકશો એવો વિચાર આવે. Think you can not.

Thought, v. (થૉટ) વિચાર્યું. Considered.

Could not keep with, બરોબરી કરી નહી શકશે. Could no be equal.

Might run a race, સરત દોડી શકે. Might rival with.

Resolved, v. (રીઝૉલ્વડ) ઠેરાવ કીધો. Made up his

mind, Determined. L. re back and solvo to lose.

Task, n. (ટાસ્ક) પાઠ. Lesson, the poem.

To repeat, inf. (ટુ રીપીટ) મોટે બોલવાને. Rocite, say over, L. re back and peto to seek.

(Had) recited, v. (રીસાઇટેડ) મોટે બોલી રહ્યાં. Repeated aloud, L. re back and cito to poclaim.

It came to Tom's turn, ટોમની વારી આવી The next to recite was Tom.

(Would) fail, v. (ફેલ) કેહેવાને અશક્ત થશે, ના પસાર થશે Would be unable to say.

Did not miss, v. રેહેવા દીધા નહી. Did not omit, did not lose.

Heart, n. (હાર્ટ) હૈયું. Soul.

Full of joy, ખુશીનું ભરેલું Full of gladness.

Well done, (વેલ ડન) ઘણું સારૂં કીધું. Done in a better way.

Rest. a. (રેસ્ટ) બાકીના Remaining.

Class, n. (ક્લાસ) વર્ગના છોકરા. Boys of the class. Gr. Caleso to call.

Please Sir, (પ્લીઝ સર) મેહેરબાન સાહેબ. My kind master.

Taught, v. (ટૉટ) શીખવ્યું. Made to learn.

How, ad. (હાઉ) કેવી રીતે. In what way.

There was a loud laugh, મોટી હસા હસ થઇ રહી હતી. All laughed loudly.

Crawl up, inf. (ક્રૉલ અપ) ધીમે ચાલવું. Creep, move slowly.

Bit by bit, કટકે કટકે, આસ્તે આસ્તે. Piece by piece

Very slowly.
Did not stop, v. થોભી નહી. Did not wait or stay.
Turn back, v. (ટર્ન બૅક) પાછી ફરી. Take a round.
On and on, આગલને આગલ. Forward and forward.
Give up, v. છોડી દીધું. Abadon.
Cheer, n. (ચીઅર) ખુશાલીના અવાજો. Shouts of joy.
Rang, (રૅન્ગ) અવાજ થયું. Was sounded with.
Glad, a. (ગ્લૅડ) ખુશી. Joyous.

---

૧. એક નાનો છોકરો જે બેલ દોસાંનાં ઘરની પછવાડે દીવાલ આગળ બેઠો હતો તેને તેણીએ કહ્યું, " તને શું દુઃખ દેછે, છોકરા ? " તેની પાસે હાથમાં એક ચોપડી હતી, અને તેની આંખમાં આંસું હતાં.

૨. તે છોકરો જેનું નામ તૉમ બ્લેર હતું તે બોલ્યો, " **લીતલ જીમ** નામની એક કવિતા અમને સઘળાને ગોખવાની છે, અને જે કોઇ તે સૌથી સરસ કેહેશે તેને શિક્ષક તરફથી ઇનામ મળવાનું છે પણ હું ધારતો નથી કે તે હુ ગોખી શકીસ."

૩. " કેમ નહિ ? " દોસાએ પુછયું.

" ટોમ દીલગીર આવાજે બોલ્યો છોકરાઓ કહે છે કે મારાથી નહિ શિખાશે, અને કે મારે તજવીજ કરવાની જરૂર નથી. "

" છોકરાઓ જે કાંઇ કહે તેની કાંઇ દરકાર કર ના. તેમને એટલુંજ જોવા દે કે તું શિખી શકે છે, " તેના મિત્રે કહ્યું.

૪. તૉમે કહ્યું, " પણ તે એટલી લાંબી છે અને કેટલાંક શબ્દો એટલા અઘરા છે, કે તે હું શિખી શકું એવું હું ધારતો નથી. હું જાણું છું કે ઇનામ માટે મારે તજવીજ કરવી નહિ જોઇએ. પણ હું પસંદ કરૂં છુ કે જેમ બને તેમ સારી પેઠે કવિતા પાઠ કરૂં ; કારણ છોકરાઓ મને હશેછે, અને મને " ધીમો તૉમ" કરી બોલાવે છે.

૫. તે ઘરડી સ્ત્રીએ મયાળુ અવાજે કહ્યું " વારૂં, પ્યારા,

જો તું ધીરો હોય, અને તેનો ઉપાય તારા હાથમાં ન હોય તો જેમ તેઓ કહે છે તેમ ધીમો અને ખચીત થવાની તજવીજ કર. પેલી ભીત ઉપર ગોકળગાયને જો; તે કેવી ધીમી છે! અને તોપણ જો તેને તપાસસે તો તને માલુમ પડશે કે તે વખતસર મથાળે જઇ પુગશે.

૬. એજ રીતે દરરોજ થોડી થોડી લીટીઓ શિખવાની કોશેસ કર, અને છેવટે તને ઇનામ મળે. અને એવો સંભવ બને કે તું હિમ્મત છોડી દે ત્યારે દિવાલ ઉપરની ગોકળગાયનો વિચાર કરજે.

૭. બૅલ દોસાં એટલું કહી પોતાને રસ્તે ગયાં. અને ટૉમે વિચાર કરયો કે જો કે તે છોકરાઓની બરોબરી કરી નહિ શકે તોપણ જઇ પુગે એટલા વખતમાં પોતાનો પાઠ ભણવાને તજવીજ કરવાનો તેણે ઠરાવ કરયો.

૮. આખરે જે દિવસે શિક્ષક ઇનામ આપવાના હતા તે આવી પુગો. અને તેણે છોકરાઓને કવિતા બોલી જવાને બોલાવ્યા. જયારે પાંચ કે છ જન બોલી રહ્યા ત્યારે ટૉમની વારી આવી.

૯. જયારે તે ઊભો થયો ત્યારે મોટી હસાહસ થઇ રહી; કારણ ઘણાખરા છોકરાઓએ વિચારયું કે તે નિષ્ફળ થશે. પણ તે એક શબ્દ ચુકયો નહિ; અને જયારે શિક્ષકે "સાબાસ, ટૉમ બ્લેર!" કહ્યું ત્યારે તેનું દિલ ખુશીથી ભરાઇ ગયું.

૧૦. જયારે વર્ગના બાકીના તજવીજ કરી રહયા, ત્યારે શિક્ષકે કહ્યું કે ટૉમે સૌથી સરસ કરી હતી; અને તેણે તેને ઈનામ આપ્યું.

"અને હવે મને કેહ, ટૉમ" શિક્ષકે કહ્યું, "તું કવિતા એટલી સારી પેઠે કેમ ભણયો."

"મેહેરબાન સાહેબ, તે તો દિવાલ ઉપરની ગોકળગાય હતી જેણે તે કેમ ભણવો તે મને શિખવ્યું," ટૉમ બોલ્યો.

૧૧. જયારે ટૉમ આ બોલ્યો ત્યારે એક મોટી હસાહસ થઇ રહી. પણ શિક્ષક બોલ્યા, "છોકરાઓ, તમારે હસવાની જરૂર

નથી ; કારણ ગોકળગાય જેવી ચીજો ઉપરથી આપણે ઘણું શિખી શકીએ—"તૉમ, ગોકળગાયે તને કેમ શિખવ્યું ?"

૧૨. "મેહેરબાન સાહેબ, મેં તેને દિવાલ ઉપર આસ્તે આસ્તે ચાલતાં દીઠી. તે ઊભી નહિ, અને પાછી ફરી નહિ, પણ આગળ ચાલ્યા કીધી અને મેં વિચાર કીધો કે મારા પાઠની સાથે પણ હું તેમજ કરૂં. તેથી હું તે કકડે કકડે ભણ્યો, અને મેં તે છોડી દીધો નહિ. અને તે ગોકળગાય દિવાલ ઊપર ચઢી રહી એટલા વખતમાં હું તે સઘળો ભણી રહયો."

૧૩. "ઠીક કીધું, તૉમ!" શિક્ષક બોલ્યા.—"હવે, છોકરાઓ, ચાલો આપણે તૉમ બ્લેર અને દિવાલ ઉપરની ગોકળગાય માટે ખુશાલીના ત્રણ પોકાર કરીએ." અને જુનું ઘર મોટા, લાંબા ખુશાલીના પોકારથી ગાજી રહ્યું કારણ સઘળા ખુશી થયા કે "ધીમા તૉમને" આખરે ઇનામ મળ્યું.

STORIES OF DOGS.

કુતરાની વાર્તાઓ.

Town, n. (ટાઉન) શેહેર. City.

Were served with dinner, ખાવાનું આપવામાં આવતું હતું. Were supplied with meal.

Belonging to, pr. p. (બીલૉંગીંગ ટુ) લગતો. Pertaining to.

Always, ad. (ઑલવેઝ) હમેશાં. Every day.

Present, a. (પ્રિઝન્ટ) હાજર. Being at that place. L. præ before and esse to be.

Meal, n. (મીલ) ખાનું. Dinner.

To watch, ger. (ટુવૉચ) તપાસવાને. To see.

Scraps, n. (સ્ક્રૅપ્સ) ટુકડાઓ. Bits, pieces.

Guests, n. (ગેસ્ટ્સ) પરોણાઓ. Visitors.

Hungry, a. (હંગ્રી) ભુખ્યા. Having a keen appetite.
Of course, ad. (ઑફ્કૉર્સ) અલબત. In the ordinary point of view. L. curro run.
Liberal, a. (લીબરલ) સખી, ઉદાર દિલના. Generous, free in giving. L. Liber free.
Hardly, ad. (હાર્ડલી) કદાચજ. Scarcely.
Smell, v. (સ્મેલ) સુંગવું. Have an odour.
Feast, n. (ફીસ્ટ) ખાનું. Meal, L. festum a holiday.
Share, n. (શેર) ભાગ. Part.
It happened, (ઇટ હૅપન્ડ) એવું બન્યું કે. It came to pass.
Was served out, v. આપવામાં આવ્યું હતું. Was given, supplied.
Ringing, ger. (રીંગીંગ) વજાડીને. Causing to sound.
Handed, v. (હૅન્ડેડ) આપી. Gave.
Opening, n. કાણું, નાકું. Aperture.
• Received, v. (રીસીવ્ડ) મળ્યું, લીધું. Took, got.
(Had) waited, v. (ઉવેટેડ) ખોટી રહયો હતો. Had stopped.
Having got, pr. p. મળ્યું હોવાથી. Having received.
Reached up, v. (રીચ્ડ અપ) પુગ્યો. Went as far as.
Took hold of, v. પકડયું. Caught.
At once, ad. એકદમ, તરતજ. Immediately.
Delight, n. (ડિલાઇટ) ખુશી. Pleasure, Joy. L. delecto to entice.
Rogue, n. (રોગ) ચોર. Cunning animal.
Was found out, v. શોધી કાડવામાં આવ્યો હતો. Discovered.
Clever, a. (કલેવર) હોશીઆરી ભરેલું. Sagacious.

Allowed, v. (અલઍડ) દીધો હતો. Let.
Regular, a. (રૅગ્યુલર) દરરોજની, બરોબર. Exact, every day L. regula a rule,
Turn, n. વારો. Successive course.
Watchmen, n. (ઊવૅાચમેન) તપાસનારાઓ. Men on the look out.
Coasts, n. (કોસ્ટસ) કીનારાઓ. Shores. L. costa a side.
Whining, n. (ઊવ્હીનીંગ) ભાસવું, બુમ. Cry.
Having tied, p.p. બાંધીને. Having bound, having fixed.
Lantern, n. (લૅનટર્ને) ફાણુસ. A vessel in which light is placed.
